# નવા વર્ષે સદ્‌વિચારોના સથવારે જિંદગી સજાવી આનંદ માણો...!




'હેપ્પી ન્યૂ યર.' ઇશુના નવા વર્ષની ખુશહાલીની કેન્ડલોનો પ્રકાશ સર્વત્ર પ્રગટી રહ્યો છે. ખુશીને માણવાનો પ્રસંગ છે. જીવનના દુઃખો, ગમોને ભૂલી નવા પ્રકાશમાં વિહરવાનો અવસર છે. દરેક ધર્મમાં ખુશીને ઉજવવાના અવસર મુકરર થયા છે. હિન્દુ ધર્મમાં દિવાળી અને બેસતું વર્ષ છે. ખ્રિસ્તી ધર્મમાં ક્રિસમસ છે. પારસીમાં પતેતી છે. ઇસ્લામમાં ઇદ છે. આ બધાં ધર્મોનાં નામો, રિવાજો, પહેરવેશો અને ઉજવણીના માર્ગો ભલે અલગ અલગ હોય પણ બધાંનો ઉદ્દેશ એક જ છે અને તે છે ખુશી-આનંદ!

નવું વર્ષ, નવો વિચાર, નવો સૂરજ! તો પછી નવું જીવન કેમ નહીં? તહેવાર એટલે સંબંધોમાં સંવાદિતા, પરસ્પરની ચાહના, લાગણીઓની આપલે, હેપ્પી ન્યૂ યરનો ચારે તરફ ગુંજારવ, ફૂલોની, મિઠાઇઓની તથા શુભેચ્છાઓની આપલે. આ બધામાં આનંદ મુખ્ય છે.

ખુશીની ઉજવણી માત્ર ભાવતાં ભોજન, નવાં વસ્ત્રો અને આનંદ પૂરતી સીમિત ન હોઇ શકે. સદ્‌વિચારોના આચારથી ખુશી બેવડાય છે. તમારી ખુશીમાં નાનાં-મોટાં, ગરીબઅમીર સૌને સામેલ કરવાથી તમારી ખુશી વિસ્તરે છે. ટૂંકમાં વિચારોના આચરણ અને આચમન પણ ઉત્સવની ઉજવણીનો હાર્દ છે. આપણા મનમાં એક ભાવના હંમેશ વહેતી રહે. 'શુભ થાઓ આ સકળ વિશ્વનું.' બીજાઓનું દુઃખ દેખી મનમાં અનુકંપા જાગે, તેનાં દુઃખ દૂર કરવા તાલાવેલી જાગે એ ખરું સેવાકાર્ય.

અબ્દુલ અઝીઝ નામના એક બાદશાહના શાહજાદા પાસે એક વીંટીમાં ખૂબ જ કિંમતી હીરો હતો. એક વખત દેશમાં દુકાળ પડ્યો ત્યારે ઘણાં લોકો ભૂખે મરવા લાગ્યા, તે દશ્ય જોઇ રાજકુંવરનું હૃદય દ્રવી ઊઠયું. તેણે વીંટીમાં રહેલો હીરો વેચી નાંખ્યો. એમાંથી જે મળ્યું તે બધું ગરીબોને વહેંચી દીધું. આપનાર તો આપે છે પણ ઘણાં અદેખા લોકોને નથી ગમતું. એવા એક અધિકારીએ વહાલા થવા માટે કહ્યું - ''શાહજાદા સાહેબ, આવો કિંમતી હીરો શા માટે જતો કર્યો? આવો બીજો હીરો હવે મળે તેમ નથી.''

રાજકુમારે અશ્રુભીની આંખે અધિકારીને કહ્યું- ''હું ભૂખે મરતાં માણસો કરતાં હીરા વિનાની વીંટી વધારે પસંદ કરું છું. હીરો તો કદાચ કાલે ફરી મળી જશે અને નહીં મળે તો પણ વાંધો નથી પરંતુ મરી ગયેલા માનવીઓને પાછા જીવિત કરી શકાતા નથી. માણસો જયારે ભૂખે મરતાં હોય ત્યારે મને હીરાની સુંદરતા કયાંથી ગમે? મારું સુખ 'મારાં દુઃખ નાશ પામો' એમાં નથી મારી ખુશી. સુખ તો સર્વનાં દુઃખ નાશ પામો એમાં છે. મારું મારું નહીં આપણાં સૌનું એવી ભાવના કેળવીએ. મમત્વને છોડી સમત્વથી ત્યાગનું સૌંદર્ય માણીએ તો જીવનમાં કેટલી બધી પ્રસન્નતા વર્તાય!

કેટલી સુંદર વાત. એક પ્રસન્ન વ્યક્તિ બીજાને કેટલી બધી ખુશી આપી શકે છે!

નવા વર્ષે એક બીજો સદ્‌ગુણ પણ કેળવવો ખૂબ જરૂરી છે, તે છે વિપરીત પરિસ્થિતિમાં પણ જે હસીને આનંદ માણે એનું જીવન સાર્થક ગણાય. જીવન છે એટલે સુખદુઃખના તાણાવાણા તો હોય જ. આપત્તિઓ, વિઘ્નો, વેદનાઓ, તકલીફો તો આવવાનાં જ. પાણીમાં માછલીની જેમ તરવું એ સહજ છે પણ ખડકની વચ્ચે પણ જે માછલીની જેમ તરી શકે, જીવનની સાથે શુભદ્રષ્ટિ કેળવે એને માટે જીવન ઉત્સવ છે. જેનામાં સમજ છે તેઓ ભયાનક કષ્ટ, દુઃખો વચ્ચેય માનસિક સ્વસ્થતા, શાંતિ અભંગ રાખી શકે છે. દુઃખને પચાવનાર એવા રામકૃષ્ણ પરમહંસની ઘટના યાદ આવે છે. રામકૃષ્ણ પરમહંસ અંતિમ અવસ્થામાં કેન્સરના ભયાનક રોગથી ઘેરાઈ ગયા હતા. જો કે એ સ્વયં તો મહાન સાધક હોવાથી દેહની આ દુર્દશા પ્રત્યે બેદરકાર હતા પરંતુ આ રોગ નજરે નિહાળનાર વ્યક્તિઓથી એ સ્થિતિ જોઇ જતી ન હતી. તેઓ ચિંતા કરતા, તેઓને જવાબ આપતાં રામકૃષ્ણે કહ્યું- ''ભેંસના શિંગડા પર રહેલી ફૂલની માળા રહે કે પડે તેનાથી ભેંસને કોઇ ફરક પડતો નથી એમ આ કેન્સરગ્રસ્ત દેહ રહે કે પડે એથી મને કોઇ ફરક પડતો નથી. હું તો એના તરફ લક્ષ્ય જ નથી રાખતો.'' દુઃખમાં પણ કેવી સમતા... આનંદ અને દુઃખને પચાવી જવાની ખુમારીની વાત આપણે પણ આત્મસાત કરીએ! આપણે સૌ જીવન સુખેથી, આનંદથી પસાર થાય તેવું પ્રભુ પાસે નવા વર્ષે માંગીએ છીએ. આનંદની અનુભૂતિ કયારે થાય? વિચારમાં સમતા, આચારમાં સ્થિરતા આવે ત્યારે થાય. આવેશ, ઉગ્રતા, દીનતા, ક્ષુદ્રતા આવે ત્યારે કર્તવ્યપાલનમાં અસ્થિરતા આવી જાય.




**હું ભૂખે મરતાં માણસો કરતાં હીરા વિનાની વીંટી વધારે પસંદ કરું છું. હીરો તો કદાચ કાલે ફરી મળી જશે અને નહીં મળે તો પણ વાંધો નથી પરંતુ મરી ગયેલા માનવીઓને પાછા જીવિત કરી શકાતા નથી. માણસો જયારે ભૂખે મરતાં હોય ત્યારે મને હીરાની સુંદરતા કયાંથી ગમે?**

**જીવન સરગમ**
**બિન્દુબેન કચરા**

ઉત્તરપ્રદેશમાં થોડાં વર્ષો પહેલાંની વાત છે. એક ગરીબ કુટુંબમાં બાળક બીમાર પડયું, સંજોગોને કારણે ડૉકટરને આવવામાં વિલંબ થયો. શહેરના બાળકોના નિષ્ણાત ડૉકટરે ગુપ્તાસાહેબને વિનંતી કરી કે કૃપા કરીને બાળકને બચાવો. ડૉકટર બધું જ કામ પડતું મૂકી દોડતા આવ્યા પરંતુ ત્યાં તો બાળકે પરલોક તરફ ગમન કર્યું. માતા-પિતાનું હૃદયદ્રાવક કલ્પાંત. ડૉકટરે આ સ્થિતિ જોઇ દવાખાને જવા માંડયું- બાળકનો પિતા પાડોશી પાસેથી પચાસ રૂપિયા લઇ આવ્યો. ડૉકટરને ફી આપવા લાગ્યો. ડૉક્ટરનું દિલ દ્રવી ઊઠ્યું. વિચારવા લાગ્યો- ભીષણ ગરીબાઈ, છોકરાનું શબ સામે પડ્યું છે છતાં સ્વસ્થતા સહિત ફરજપાલન. કેટલો ઉચ્ચ આદર્શ. ડૉક્ટરે પૈસા ન લીધા - જે રિક્ષામાં આવ્યા તે રિક્ષામાં પાછા ગયા. તે રિક્ષાવાળાએ પણ પૈસા ન લીધા. આ બાજુ બાળકના પિતા પાડોશીને પૈસા પાછા આપવા ગયા તેણે પણ પૈસા ન લીધા અને કહ્યું, બાળકની ઉત્તરક્રિયામાં વાપરજો. બધી વ્યક્તિમાં ઉદારતા-માનવતાનો ગુણ નજર સમક્ષ આવ્યો.

વિચારમાં સમતા અને આચારમાં સ્થિરતા હશે તો જીવન સુખદ અને આનંદપૂર્ણ બની જશે. ખુશી તો આપણી ચારે બાજુ પથરાયેલી છે પણ આપણને શોધતાં આવડવી જોઈએ.

સહન કરવાની આવડત હોય તો દુઃખ પણ એક દોલત બની રહે છે. દુઃખ જ માણસને સાચું જ્વલંત જીવન જીવતા શીખવે છે. બસ હકારાત્મક વિચારણા અપનાવો. વિધેયાત્મક મન સર્વત્ર શુભ અને મંગલમય દૃષ્ટિ ખીલવે છે. તેને મન જીવનમાં કોઇ ફરિયાદ નહીં તેને મન એક જ વાત હોય છે.

'સદા આનંદે હૈયું સજાવો, જગત બદલાઈ જશે.
શિરે ભાર લઇ ફરશો તો જીવન કરમાઈ જશે.'

તો વાચકમિત્રો! નૂતન વર્ષે સદ્‌વિચારની કેડીએ ચાલશો તો ખુશી જ ખુશી છે.

ઈસુના નવા વર્ષે ઈશુના જીવનની સરળતા, સમતા-વર્તનની સરળતા જીવનમાં ઉતારો. આપણી પ્રીતિમાં ત્યાગનો રંગ ભળવો જોઈએ. સાચો પ્રેમ અધિકારની ભાષા બોલતો નથી.

આપણી ભક્તિને પણ સમર્પણનો રંગ લાગવો જોઈએ. આપણી વિદ્યાને જડતા નહીં પણ ચેતનાનો સ્પર્શ હોવો જોઇએ.

નૂતન વર્ષે પ્રભુને પ્રાર્થીએ કે આપણાં હાસ્યને પ્રસન્નતાનો, રુદનને ભાવનો, કાર્યને ભક્તિનો, સેવાને સ્નેહનો, પ્રીતિને ત્યાગનો, ભક્તિને સમર્પણનો, વિદ્યાને રસિકતાનો અને વિરક્તિને જ્ઞાનનો રંગ ચઢે.! સ્વહિત, સમાજહિત અને રાષ્ટ્રભક્તિ માટે આપણી જાતને બદલીએ-બસ તો મિત્રો, સૌ રંગાઈ જઇએ ઉત્કૃષ્ટ વિચારોના રંગમાં.

મસ્ત રહો-વ્યસ્ત રહો. સ્વસ્થ રહો.
હેપ્પી ન્યૂ યર.




### સુવર્ણરજ

સદ્‌ગુણો એ ટ્રાવેલિંગ ચેક જેવા છે.
તેનાથી તમને જયાં જશો ત્યાં સ્થાન અને આવકાર મળશે.